For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# અહીં વડાપ્રધાનને સારુ સારુ દેખાડવા શહેરને શણગારાયું

# મોદી સાહેબને વરસાદી કાંસ દેખાવી ના જોઈએ, આડસ ઊભી કરી દેવાઈ

**અમિત** નગર બ્રિજ પર અને સમગ્ર રૂટ પરની દિવાલો ઉપર પેઇન્ટિંગ બનાવવામાં કામગીરી પૂરજોષમાં

**ન્યૂ વીઆઇપી** રોડ પર વડાપ્રધાન મોદીની નજરથી ઝુપડપટ્ટી અને ગંદકી છૂપાવવા આડા ઊભા મોટા પતરા મારી દીધા

(પ્રતિનિધિ) વડોદરા તા.17

પ્રધાનમંત્રી મોદીના આગમનને લઈને હાલ વડોદરા શહેરના વિવિધ જગ્યાએ રંગ રોગાન થઈ રહ્યું છે. વડાપ્રધાન જે રૂટ પરથી પસાર થવાના છે એવા અમિત નગર બ્રિજને પણ રંગવાનું કામ કરવામાં આવી રહ્યું છે. સમગ્ર બ્રિજ પર પેઈન્ટિંગ્સ પણ દોરવામાં આવી રહ્યા છે અને રૂટ પરની દિવાલો ઉપર પણ પેઈન્ટિંગ બનાવવામાં આવી રહ્યા છે. આ કામગીરી 20 ઓક્ટોબર સુધીમાં પૂર્ણ કરવાની સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત મોદી જે રૂટ પરથી પસાર થવાના છે, તે રૂટ પર પેચવર્ક, ભુવાઓનું પૂરાણ, ફૂટપાથનું રિપેરિંગ અને તૂટેલા ડિવાઈડરનું સમારકામ પણ કરવામાં આવી રહ્યું છે.પરંતુ એ સાથે જ મોદી સાહેબની નજરમાં શહેરની ગંદકી ન આવે તે માટે વરસાદી કાંસને આડસ કરીને ઢાંકવામાં આવી રહી છે.

આગામી 28 ઓક્ટોબરે PM મોદી અને સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝ ટાટા એડવાન્સ સિસ્ટમના એરક્રાફ્ટ પ્લાન્ટની અંતિમ એસેમ્બ્લી લાઈનના ઉદ્ઘાટન પ્રસંગે હાજરી આપવાના છે. જેને લઈને વડોદરા શહેરમાં તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.

વડાપ્રધાન જે રૂટ પરથી પસાર થવાના છે તે સમગ્ર રૂટ પર રોડ કાર્પેટિંગ, બ્રિજ પર રંગરોગાન, રોડની બંને બાજુ ફૂટપાથની કામગીરી ચાલતી જોવા મળી રહી છે. વડોદરાના ન્યૂ વીઆઈપી રોડ પર વડાપ્રધાન મોદીની નજરથી ઝુપડપટ્ટી અને ગંદકી છૂપાવવા આડા ઊભા મોટા પતરા મારવામાં આવી રહ્યા છે.

રસ્તામાં વૃક્ષોની ડાળીઓ નડતરરૂપ ન થાય તે માટે ટ્રિમિંગ પણ કરવામાં આવ્યું છે. ટાટા એડવાન્સ સિસ્ટમના એરક્રાફ્ટ પ્લાન્ટથી વડોદરા લક્ષ્મી વિલાસ પેલેસ જવાના રોડ પર સાંઈદીપનગર સોસાયટી પાસે મોટા મોટા પતરાના શેડ મારવામાં આવી રહ્યા છે. અહીં રોડની બાજુમાં ઝુપડપટ્ટી અને ખૂબ જ ગંદકી છે. જેને વડાપ્રધાનથી છુપાવવા માટે આ શેડ મારવામાં આવી રહ્યા છે. વઅહીં બંને બાજુ ફૂટપાથની કામગીરી પણ કરવામાં આવી રહી છે. વડાપ્રધાનના હસ્તે ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ એસેમ્બ્લી લાઈનનું ઉદ્ઘાટન કરવામાં આવશે. ન્યૂ આઈપી રોડ પર વૈકુંઠ નજીક ઊભા કરાયેલા ટાટા એડવાન્સ સિસ્ટમ લિમિટેડ એરક્રાફ્ટ પ્લાન્ટ ખાતે આ કાર્યક્રમ યોજાશે, જેમાં દેશના 1500 ઉદ્યોગપતિને પણ આમંત્રણ અપાયું હોવાની માહિતી મળી છે. વડાપ્રધાનના આગમન અને વિકાસ સપ્તાહ અંતર્ગત પાલિકા દ્વારા શહેરને સુશોભિત કરવા કામગીરી કરવામાં આવી રહી છે, જેમાં સરકારી ઈમારતો પર લાઈટિંગ કરવાની કામગીરી યુદ્ધના ધોરણે કરવામાં આવી રહી છે. આધારભૂત સૂત્રો મુજબ વડાપ્રધાનના ન્યૂ વીઆઈપી રોડથી લક્ષ્મી વિલાસ પેલેસ સુધીના રૂટને દિવાળીની જેમ રોશનીથી પણ શણગારવામાં આવશે.


રૂટ પર પેઈન્ટિંગ કરાયું


બ્રિજ પર રંગરોગાન


કાંસને છુપાવવા પતરા લગાવાયા


રોડ પર કાર્પેટિંગ કરાયું

### બંને વડાપ્રધાન રાજવી પરિવાર સાથે ભોજન લેશે

## લક્ષ્મી વિલાસ પેલેસમાં પીએમ મોદી સ્પેનના વડાપ્રધાન સાથે ઐતિહાસિક કરાર પર સહી કરશે

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તારીખ 28મી ઓક્ટોબરે સ્પેનના વડાપ્રધાન સાથે વડોદરા ખાતે પહોંચશે. ટાટા એડવાન્સ સિસ્ટમના એરક્રાફ્ટ પ્લાન્ટના ઉદ્ઘાટન સમારંભમાં હાજરી આપ્યા બાદ લક્ષ્મી વિલાસ પેલેસના દરબારમાં શાહી ભોજન લેશે. આ સાથે જ ભારતના વડાપ્રધાન તેમજ સ્પેનના વડાપ્રધાન ઐતિહાસિક કરાર પર સહી કરશે. વડોદરામાં દિવાળી પહેલા જ દિવાળી જેવો માહોલ જોવા મળશે.

વડોદરાના ન્યુ વીઆઈપી રોડ ખાતે ટાટા એડવાન્સ સિસ્ટમ લિમિટેડ અને સ્પેનની એરબસ ડિફેન્સ એન્ડ સ્પેસ કંપની દ્વારા વાયુ સેના માટે પ્રથમ મેડ ઈન ઈન્ડિયા c295 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ બનાવવામાં આવી રહ્યું છે. જે વર્ષ 2026માં તૈયાર થઈ જશે. જેથી આગામી તારીખ 28મી ઓક્ટોબરના રોજ આ એરક્રાફ્ટના અંતિમ એસેમ્બલી લાઈનના ઉદ્ઘાટન કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝ સાથે વડોદરા આવવાના છે.



ઉદ્ઘાટન કાર્યક્રમ પતાવ્યા બાદ બંને દેશના વડાપ્રધાન એક સાથે લક્ષ્મી વિલાસ પેલેસ ખાતે પહોંચવાના છે. લક્ષ્મી વિલાસ પેલેસના દરબારમાં બંને દેશોના વડાપ્રધાન માટે શાહી ભોજનનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યાં બંને વડાપ્રધાન રાજવી પરિવાર સાથે ભોજન લેશે. અને બાદમાં દરબાર હોલ ખાતે જ બંને દેશોના વચ્ચેના ઐતિહાસિક કરાર પર બંને વડાપ્રધાન હસ્તાક્ષર કરશે.

# અને અહીં લોકોને પીવાના પાણીના ફાંફા

### કાળું અને ડ્રેનેજ મિશ્રિત પાણી આવતા લોકો ત્રાહિમામ

## તહેવારો ટાણે નવાયાર્ડ વિસ્તારમાં ફરી દૂષિત પાણીનો પ્રશ્ન ઉદ્દભવ્યો , કાઉન્સિલરના ધરણા

**અધિકારીઓને** રજૂઆત બાદ ઠેર ઠેર ખાડા ખોદાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા શહેરમાં ફરી એક વખત તહેવારો ટાણે લોકો દુષિત પાણી પીવા મજબૂર બન્યા હોવાનો કિસ્સો સામે આવ્યો છે. છેલ્લા ત્રણ મહિનાથી દૂષિત પાણી ઉઠેલા સ્થાનિકોને સાથે રાખી કોંગ્રેસના કાઉન્સિલર પુષ્પાબેન વાઘેલાએ ધરણા પર બેસી જઈ ઉગ્ર વિરોધ કર્યો છે.

નવાયાર્ડ વિસ્તારમાં દૂષિત પાણી પ્રશ્ને કોંગ્રેસના કોર્પોરેટર પુષ્પાબેન વાઘેલા ધરણા પર બેસી જઈ વિરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ મહિનાથી નવાયાર્ડ લોકોશેડ ઢાળ ઉતરતા રમણીક લાલની ચાલ રસુલજીની ચાલ આ સહિતના આસપાસના વિસ્તારોમાં ગંદુ પાણી આવી રહ્યું છે. જેની ફરિયાદ મેં રોજે રોજની અધિકારીઓને કરી છે. એના કારણે તે લોકોએ ઠેક ઠેકાણે ખાડા ખોદી નાખ્યા છે. પરંતુ આ પ્રશ્નનું નિરાકરણ લાવી શક્યા નથી.



હું જ્યાં ધરણા પર બેઠી છું એ જગ્યાએ તમે જુઓ એક બાજુ ડ્રેનેજ ઉભરાઈ રહી છે અને બીજી બાજુ પાણીની લાઈન છે. એની ઉપર પ્રેશર પોઈન્ટ મૂકીને ગયા છે. એક મહિનો થયો છે. આ પ્રેશર પોઈન્ટ મૂક્યા હવે તમે વિચારો કે પાણીની લાઈન ખાલી થાય અને ખેંચાઈને પાણી આ ડ્રેનેજનું પાછું જાય છે. લોકો નળ ખોલે તો દુર્ગંધ મારે માથું ફાટી જાય હાથ ના નાખી શકે એટલું ગંદુ પાણી આવી રહ્યું છે. જેના કારણે આજે ત્રણ ત્રણ મહિનાથી આ પ્રશ્નનું નિરાકરણ આવતું નથી અને સ્થાનિકોએ મને કીધું કે તમે આવો. જેથી કરીને હું ઘટના સ્થળે આવી હતી એટલે જ સ્થાનિકો બધા ભેગા થયા અને એમને સાથે લઈને આજે ધરણા પર બેઠા છે.

## પીએમને ખુશ કરવા કામે લાગેલા અધિકારીઓ પ્રજાને પીવાનું પાણી પણ નથી આપી શકતા

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા મહાનગરપાલિકા દેશના પ્રધાનમંત્રીના આગમનને લઈને શહેરને ચમકાવી રહી છે. પરંતુ પ્રાથમિક જરૂરિયાતથી વંચિત અટલાદરાની પ્રમુખ આનંદ સોસાયટીને પાણી આપવા બાબતે સદંતર નિષ્ફળ રહી છે.

દિવાળીની ઘડીયો ઘડાઈ રહી છે તેમજ દેશના વડાપ્રધાન શહેરના સંભવિત પ્રવાસને લઈને પાલિકા તેમજ તંત્ર તેમની આગતા સ્વાજતા માટે કોઈ કચાસ ના રહી જાય તે માટે મહેનત કરી રહ્યું છે. તો બીજી તરફ ભાજપ સાથે પાલિકા લોકોની પ્રાથમિક જરૂરિયાત પૂરી કરવા સદંતર નિષ્ફળ નીવડી છે.

એક તરફ લોકો નવા વર્ષે એટલે કે દિવાળીની તૈયારી કરી રહ્યા છે અને ઘરમાં રંગરોગાન કરી રહ્યા છે પણ



પાણી જ ન આવતું હોય તો પાણી વિના દિવાળી અધૂરી રહી ગઈ છે.

શહેરના અટલાદરા વિસ્તારમાં પ્રમુખ આનંદ સોસાયટીના લોકોને છેલ્લા સાત દિવસથી પૂરતા પ્રેશર સાથે પાણી મળી શકતું નથી આ વિસ્તારમાં પાણીની સમસ્યા ઘણા સમયથી છે ત્યારે રહીશોએ વોર્ડ નંબર 12 ના ચારેય કોર્પોરેટરને જાણ કરી છે પણ પાણીમાં બેસી ગયેલા ભાજપના કોર્પોરેટર ટ્વિંકલ ત્રિવેદી, મનીષ પગાર, સ્મિત પટેલ, રીટા સિંગ પોતાના મત વિસ્તારના લોકોનું સમસ્યાનું નિરાકરણ લાવી શક્યા નથી.

સ્થાનિકોનું કહેવું છે વારંવાર કાઉન્સિલરોને જણાવ્યા છતાં પાણીની સમસ્યાનો નિકાલ આવતો નથી. કોર્પોરેશનમાં અનેકવાર અરજીઓ કરી છે . છતાં કોઈ અધિકારી અમારા વિસ્તારમાં જોવા પણ આવતું નથી.

બીજા એક સ્થાનિકે જણાવ્યું કે વારંવાર કહેવા છતાં પાણીની સમસ્યાનો ઉકેલ નથી આવતો. કાઉન્સિલરોને -અધિકારીઓને વારંવાર કહેવા છતાં આ સમસ્યાનો ઉકેલ નથી આવતો. જો 2.4 કલાકમાં આનું નિરાકરણ નહિ આવે તો અને આંદોલન કરીશું કલેક્ટર કચેરીએ આવેદન પણ આપીશું. ધરણા પર બેસવું પડે તો અમે ધરણા પર પણ બેસીશું.

### વડોદરાનો વિકાસ દેખાડવાનો પાલિકા તંત્રનો આંધળા પ્રયાસમાં નાગરિકો હેરાન

## અમિત નગર બ્રિજ પર બેરિકેડીંગથી અડધો રસ્તો રોકી દેવાતા ભારે ટ્રાફિકજામ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવવાના હોય વડોદરા શહેરમાં તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. વડાપ્રધાન જે રૂટ પરથી પસાર થવાના છે, તે સમગ્ર રૂટ પર રોડ કાર્પેટિંગ, બ્રિજ પર રંગરોગાન, રોડની બંને બાજુ ફૂટપાથની કામગીરી ચાલી રહી છે. ત્યારે

શહેરોનો મુખ્ય માર્ગ ગણાતો એરપોર્ટ સર્કલથી અમિત નગર જવાના માર્ગે બ્રિજ પર બેરિકેડિંગ કરતા ભારે ટ્રાફિકજામ જોવા મળી રહ્યો છે.




વડોદરા શહેરના એરપોર્ટ સર્કલથી અમિતનગર તરફ આવતો મુખ્ય માર્ગ પર ભારે ટ્રાફિકજામ જોવા મળી રહ્યો છે. વડાપ્રધાનના આગમન પૂર્વે તૈયારીઓમાં જોતરાયેલું તંત્ર આંધળું બન્યું હોય તેવું લાગી રહ્યું છે અને બ્રિજ પર દિવસે કામગીરી કરતા બેરિકેડ કરાયું છે. ત્યારે એરપોર્ટ સર્કલથી અમિત નગર તરફ જવાના મુખ્ય માર્ગ પર ભારે ટ્રાફિકજામ જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ આસપાસની હોસ્પિટલો અને દુકાનોના પાર્કિંગના કારણે રાહદારીઓ અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. મહત્વની બાબત છે કે, આગામી દિવસોમાં વડાપ્રધાન જ્યારે વડોદરામાં આવી રહ્યા છે ત્યારે ઠેર ઠેર વડોદરાનો વિકાસ દેખાડવાનો આંધળો પ્રયાસ ચાલી રહ્યો છે.

મહત્વની બાબત છે કે, પૂર બાદ પણ શહેરના રોડ-રસ્તાની હાલત ન સુધારનાર કોર્પોરેશન આજે દિવસ-રાત એક કરી વીવીઆઈપી જ્યાંથી પસાર થવાના છે ત્યાં શણગાર, રંગરોગાન અને દબાણો સહિત વિવિધ કામગીરી યુદ્ધના ધોરણે કરતું હાલમાં જોવા મળી રહ્યું છે. ત્યારે આગામી દિવસોમાં વડોદરા શહેરની જનતા આ કામગીરી વચ્ચે હાલાકી વેઠવા માટે તૈયાર રહે તેવુ હાલમા જોવા મળી રહ્યુ છે.

## ખોડિયારનગર વિસ્તારના ઘરમાંથી રૂ.1.98 લાખના દાગીનાની ચોરી

**પરિવાર** સુરત ખાતે ગયો ત્યારે મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.17

ખોડિયારનગર વિસ્તારમાં રહેતો પરિવાર સુરત ખાતે ફોઈના છોકરાની સગાઇ હોય કપડાની ખરીદી કરવા માટે સુરત ગયો હતો. ત્યારે તસ્કરો તેમના બંધ મકાનમાં ત્રાટક્યાં હતા અને સોના ચાંદીના દાગીના મળી રૂ. 1.98 લાખ મતાની ચોરી કરીને પલાયન થઇ ગયા હતા. જેથી વિદ્યાર્થીએ પારૂલ યુનિ. ના બાપોદ પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવી છે.

મૂળ ભરૂચના અને હાલમાં ખોડિયારનગર વિસ્તારમાં સાંઈદર્શન સોસાયટીમાં મકાન ભાડે રાખી રહેતા સુરજ વિજય તિવારીએ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે હુ વાઘોડિયા ખાતે આવેલી પારૂલ યુનિ.માં સાઈબર સિક્યુરિટીના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરુ છું. 13 ઓક્ટોબરના રોજ સવારના સમયે હુ તથા મારા પરિવાર સભ્યો સાથે અંકલેશ્વર ખાતે રહેતી તેમની ફોઈના ઘરે તેમના દીકરાનું સગપણ હોય ત્યાં ગયા હતા. ત્યારબાદ ત્યાંથી કપડાની ખરીદ કરવા માટે ગયા હોય રોકાઇ ગયા હતા.

દરમિયાન તસ્કરોએ અમારા બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. દરમિયાન 14 ઓકટોબના રોજ અમે ઘરે પરત આવ્યા હતા ત્યારે મકાનના દરવાજાનો નકુચો તુટેલો હતો. જેથી ચોરી થઈ હોવાનો અહેસામ થયો અને અંદર જઈને જોતા ઘરવખરી તથા તિજોરીમાં મુકેલા સામાન વેરવિખેર હાલતમાં પડેલો હતો. જેથી તિજોરી ખુલ્લી હોય ડ્રોઅરમાં તપાસ કરી હતી. ત્યારે સોના ચાંદીના દાગીના મળી રૂ. 1.98 લાખ માલ મતાની ચોરી કરી તસ્કરો પલાયન થઇ ગયા હોવાનુ માલૂમ પડ્યું હતું. જેથી બાપોદ પોલીસે વિદ્યાર્થીની ફરિયાદના આધારે ગુનો નોંધી તસ્કરોનું પગેરુ મેળવવાની તજવીજ શરૂ કરી છે.

## જિ. પંચાયતની કારોબારી બેઠકમાં વિવાદ અધ્યક્ષ અને સભ્યો વચ્ચે શાબ્દિક ટપાટપી

**શિક્ષણ** સમિતિના 40 ગ્રાન્ટમાંથી વધુમાં વધુ ગ્રાન્ટ કારોબારી સમિતિના ચેરમેન નિલેશ પુરાણી આપવા દબાણ કરે છે

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

વડોદરા જિલ્લા પંચાયત ખાતે ગુરુવારે કારોબારી સમિતિના અધ્યક્ષ નિલેશ પુરાણી અને શિક્ષણ સમિતિના અધ્યક્ષ અને સભ્યો વચ્ચે શાબ્દિક ટપાટપી અને તું તું મે મે ના દ્રશ્યો સામે આવ્યા હતાં. આ આખાય વિવાદમાં વાત એમ છે કે શિક્ષણ સમિતિ ના 40 ગ્રાન્ટ માંથી વધુ માં વધુ ગ્રાન્ટ કારોબારી સમિતિના ચેરમેન નિલેશ પુરાણી આપવા દબાણ કરે છે. તે મુદ્દે મામલો ગરમાયો હોવાની વાત મીડિયા સામે ન આવની શરતે શિક્ષણ સમિતિના ચેરમેન અને સભ્યોએ જણાવ્યું છે.જોકે આ સમગ્ર મામલે કારોબારી સમિતિના ચેરમેન પોતાનો બચાવ કરતાં પ્રતિક્રિયા આપી આડકતરી રીતે અનેક પોતાની ભૂલો સ્વીકારી હતી. વડોદરા જિલ્લા પંચાયત ભવનના ચિંતન કક્ષમાં આજે જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની બેઠક યોજાઇ હતી આ બેઠક કારોબારી સમિતિના અધ્યક્ષ નિલેશ પુરાણીના અધ્યક્ષ સ્થાને યોજાઇ હતી. જેમાં સચિવ જિલ્લા વિકાસ અધિકારી મમતા હિરપરા અને કારોબારી સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં એજન્ડા પરના કામો અંગે ચર્ચા વિચારણા કર્યા બાદ



મંજુરી આપવામાં આવી હતી. આ ઉપરાંત અધ્યક્ષ સ્થાનેથી જિલ્લા પંચાયત હસ્તકની જગ્યાઓ પર કબજો લઈને તેના પર ફેન્સીંગ કરવાના કામ અને મંજૂરી આપવામાં આવી હતી. જોકે જિલ્લા પંચાયત ખાતે મળેલી કારોબારી સમિતિના અધ્યક્ષ નિલેશ પુરાણી અને શિક્ષણ સમિતિના અધ્યક્ષ અને સભ્યો વચ્ચે શાબ્દિક ટપાટપી અને તું તું મે મે ના દ્રશ્યો સામે આવ્યા હતાં. આ આખાય વિવાદમાં વાત એમ છે કે શિક્ષણ સમિતિ ના 40 ગ્રાન્ટ માંથી વધુ માં વધુ ગ્રાન્ટ કારોબારી સમિતિના ચેરમેન નિલેશ પુરાણી આપવા દબાણ કરે છે તે મુદ્દે મામલો ગરમાયો હોવાની વાત મીડિયા સામે ન આવની શરતે શિક્ષણ સમિતિના ચેરમેન અને સભ્યોએ જણાવ્યું છે. જોકે આ સમગ્ર મામલે કારોબારી સમિતિના ચેરમેન પોતાનો બચાવ કરતાં પ્રતિક્રિયા આપી આડકતરી રીતે અનેક પોતાની ભૂલો સ્વીકારી હતી.

### વડોદરા સંસ્કારી નગરીમાં સંસ્કારના લીરેલીરા ઉડયા..

## શરદ પૂર્ણિમાના ગરબામાં દારૂના બોટલની વેશભૂષા

**કોઈ** ભૂત, કોઈ ભગવાન, કોઈ ડોક્ટર, તો કોઈ વિસ્કીની બોટલ બનીને ગરબે ઘૂમ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.17

શરદ પૂર્ણિમાના ઉત્સવની ઊજવણી સમગ્ર રાજ્યમાં અલગ અલગ રીતે ઉજવવામાં આવે છે, ત્યારે વડોદરા શહેરના રાજમહેલ રોડ ખાતે આવેલા જૂની કાછીયા પોળ ખાતે આવેલ શ્રીકોઠી ફળિયા યુવક મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ પરંપરાગત રીતે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું.

વડોદરાના રાજમહેલ રોડ પર કોઠી પોળના ગરબા 50 વર્ષ જુના ગરબા કહેવામાં આવે છે, ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ વેશભૂષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અલગ અલગ થીમ પર લોકો ગરબે ઘૂમ્યા હતા. જેમાં ભજન મંડળી, ડાકોર પગપાળા સંઘ જતો હોય, ભગવાન શ્રી રામ - સીતા માતા , શંકર ભગવાન, રાધા-કૃષ્ણ , ભારતીય સૈનિક, મહાકાલ બાબા, ભૂત, ડોક્ટર નવજાત બાળક સાથે તેમજ ભગવાનના અને બીજા ઘણા બધા અલગ અલગ રૂપોમાં વેશ ધારણ કર્યો હતો. એક યુવક તો વિસ્કીની બોટલ બનીને ગરબે રમ્યો હતો. અહીં સૌ કોઈ શેરીના રહીશો ગરબા માં જોડાયા હતા અને આનંદભેર શરદપૂર્ણિમાના ગરબા ઊજવણી કરી હતી.

શ્રીકોઠી ફળિયા યુવક મંડળના યુવકે જણાવ્યું હતું કે, શ્રીકોઠી ફળિયા યુવક મંડળ દ્વારા ઘણા વર્ષોથી શરદ મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. અહીં મનોરંજન સાથે લોકો રાસ ગરબા રમે છે. અહીં કોઈ શંકર ભગવાન બન્યા છે તો કોઈ છોકરાઓ છોકરીઓ બન્યા છે. ઘણા નાના છોકરાઓ રામ સીતા બન્યા છે. કોઈ આદિવાસી બન્યું છે તો કોઈ મદ્રાસી બન્યું છે. છેલ્લા બે મહિનાથી અમે આ ગરબા માટે મહેનત કરતા હોઈએ છીએ. અન્ય સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે, અમે શરદપૂર્ણિમાએ અહીં ગરબે ઘૂમીને ખૂબ જ મજા કરીએ છીએ. વિવિધ વેષભૂષમાં અમને ગરબે રમવાની ખૂબ મજા આવે છે. અહીં બાળકોથી લઈને વૃદ્ધો સુધી તમામ લોકો ગરબે રમવા માટે આવે છે.

ઉલ્લેખનીય છે કે, નવરાત્રિના તહેવારો પૂરા થઈ ગયા બાદ આજે શરદ પૂર્ણિમાએ ખેલૈયાઓ માટે ગરબે ઘુમવાનો એક અવસર હતો. આ અવસરે ખેલૈયાઓ મન મૂકીને ગરબે ઘુમ્યા હતા.




### તસ્કરોથી પરેશાન મહિલાઓએ વિરોધપક્ષના નેતાની મદદ માગી

## ડભોઈ રોડ પર રાત્રે મારક હથિયારો સાથે કેટલાક અસામાજિક તત્વોનો આતંક

**સીસીટીવી** કેમેરા રાત્રે નિંદ્રાધીન બની જતાં હોય સીસીટીવી કેમેરા ખરીદવામાં ભ્રષ્ટાચાર થયાના આક્ષેપો કર્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.17

શહેરના ઈલેક્શન વોર્ડ નં.16માં આવેલા ડભોઈરોડ ખાતેના શક્તિનગર-1 અને-2,ગણેશનગર-1અને 2,હિરાબાનગર, ચુનારાવાસ.તથા વિશ્વકર્માનગર સહિતના આસપાસના વિસ્તારોમાં છેલ્લા પંદર દિવસથી રાત્રે કેટલાક અસામાજિક તત્વો અથવાતો તસ્કરો મારક હથિયારો સાથે મોટરસાયકલો જેવા વાહનો પર આવી દરવાજો ખખડાવે છે જેના કારણે સ્થાનિકોમા ભયનું વાતાવરણ સર્જાયું છે જે અંગેની રજૂઆત વિરોધપક્ષના



નેતા અને સ્થાનિક કાઉન્સિલર ચંદ્રકાન્ત શ્રીવાસ્તવ (ભથ્થુભાઈ)એ શહેર પોલીસ કમિશનરને કરી હોવા છતાં અહીં રાત્રે હથિયારો સાથેના તત્વોનો આતંક યથાવત જોવા મળી રહ્યો છે જે અંગે વિપક્ષીનેતા ચંદ્રકાન્ત શ્રીવાસ્તવે પોલીસ કમિશનર તથા પાણીગેટ પોલીસને રજૂઆત કરી હતી કે અહીં સ્થાનિકો ભયના ઓથાર હેઠળ રહેવા મજબૂર બન્યા છે સાથે જ ખાસ કરીને મહિલાઓ તથા દીકરીઓની પરિસ્થિતિ સૌથી વધુ કફોડી બની છે. સ્થાનિક મહિલાઓએ વિપક્ષીનેતા પાસે દોડી આવી સમગ્ર મામલે રજૂઆત કરી છે ત્યારે ચંદ્રકાન્ત શ્રીવાસ્તવે આ વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત મૂકવા, રાત્રી પોલીસ પેટ્રોલીંગ વધારવા તથા હથિયારો સાથે રાત્રે આવી લોકોના દરવાજા ખખડાવતા અસામાજિક તત્વોને વહેલી તકે ઝડપી પાડી સખતમા સખત સજા કરવાની માંગ કરી છે.